| Publication: Gujarat Today | Edition: Ahmedabad |
| --- | --- |
| Date: September 20, 2016 | Page: 7 |


# એચપીએલનો આઈપીઓ તા. ૨૨ સપ્ટેમ્બરે ખૂલશે

અમદાવાદ,તા.૧૯

એચપીએલ ઈલેક્ટ્રીક એન્ડ પાવર લિમિટેડનો રોકડના બદલામાં શેરદીઠ રૂા.૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરનો આઈપીઓ તા.૨૨ સપ્ટેમ્બરના રોજ ખૂલીને તા.૨૬ સપ્ટેમ્બરે બંધ થશે જેની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂા.૧૭૫થી રૂા.૨૦૨ નક્કી કરવામાં આવી છે. ઓફર થનારા ઈક્વિટી શેરનું લિસ્ટીંગ એનએસઈ અને બીએસઈ પર થશે એમ પત્રકાર પરિષદમાં મેનેજિંગ ડાયરેક્ટર લલિત શેઠે જણાવ્યું હતું.